# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 19-06-2024** **Evening : 7.10 to 7.20pm**
**Day : Wednesday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **જયેશ પટેલ** વાંચે છે.

---

- રાજ્ય સરકારે સરકારી અને અનુદાનિત શાળાઓમાં 7 હજાર 500 શિક્ષકોની કાયમી ભરતી આગામી ત્રણ મહિનામાં કરવાનો નિર્ણય કર્યો.
- રાજ્યભરમાં કુલ 312 મુખ્ય સ્થળોએ આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણી 21મી જૂને કરાશે - રાજ્યકક્ષાનો કાર્યક્રમ નડાબેટ ખાતે.
- રાજ્યમાં આગામી 26થી 28 જૂન સુધી શાળા પ્રવેશોત્સવ યોજાશે.
- રાજ્યમાં અનેક જગ્યાએ સિકલસેલ અંગે લોકજાગૃતિ દિવસની ઉજવણી નિમિત્તે કાર્યક્રમો યોજાયા.
- આણંદ ખાતે યોજાયેલી રાજ્યકક્ષાની કરાટે સ્પર્ધામાં સાબરકાંઠાના ખેલાડીઓએ 5 સુવર્ણ ચંદ્રક, 2 રજત અને 2 કાંસ્ય ચંદ્રક જીત્યા.

---------------------------------------------------------------------------------

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

# TET UMEDVAR KAYAMI BHARTI

રાજ્ય સરકારે ગુજરાતની માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક સરકારી અને અનુદાનિત શાળાઓમાં આગામી ત્રણ મહિનામાં 7 હજાર 500 જેટલા શિક્ષકોની કાયમી ભરતી કરવાનો નિર્ણય કર્યો છે.

ગાંધીનગર ખાતે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની અધ્યક્ષતામાં યોજાયેલી મંત્રીમંડળની બેઠકમાં  આ નિર્ણય લેવાયો છે. રાજ્ય સરકારના પ્રવક્તા મંત્રી ઋષિકેશ પટેલે આ અંગે જણાવ્યું કે, રાજ્યની અનુદાનિત શાળાઓમાં T.A.T—સેકેન્ડરી અને T.A.T.—હાયર સેકેન્ડરી પાસ ઉમેદવારોની યોગ્યતાના આધારે કસોટી પ્રમાણે કાયમી ભરતી કરવામાં આવશે. T.E.T.-વન અને T.E.T. -2ના ઉમેદવારોની પણ ભરતી પ્રક્રિયા હાથ ટૂંક સમયમાં હાથ ધરવામાં આવશે.

શ્રી પટેલે જણાવ્યું કે, માધ્યમિક એટલે કે, ધોરણ નવ અને ધોરણ દસની સરકારી શાળામાં કુલ 500 અને અનુદાનિત શાળામાં ત્રણ હજાર એમ કુલ 3 હજાર 500 T.A.T. 1 પાસ થયેલ ઉમેદવારોની ભરતી કરવામાં આવશે. જ્યારે ઉચ્ચતર માધ્યમિક એટલે કે, ધોરણ 11 અને ધોરણ 12માં સરકારી શાળામાં 750 અને અનુદાનિત શાળામાં 3 હજાર 250 એમ મળીને T.A.T. 2ના કુલ 4 હજાર જેટલા ઉમેદવારોની ભરતી કરવામાં આવશે. તાજેતરમાં જ એક હજાર 500 જેટલા H.M.A.T. આચાર્યની ભરતી રાજ્યની અનુદાનિત શાળાઓમાં કરવામાં આવી છે.

અત્રે નોંધનીય છે કે, રાજ્યમાં છેલ્લા 10 વર્ષમાં કુલ 18 હજાર 382 જેટલા શિક્ષકોની કાયમી ભરતી કરવામાં આવી છે.

.................

## STATE YOG DIVAS UJAVANI

રાજ્યભરમાં નડાબેટ સહિત  કુલ 312 મુખ્ય સ્થળોએ આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણી શુક્રવાર 21મી જૂનના રોજ કરાશે. રાજ્યકક્ષાનો કાર્યક્રમ નડાબેટ ખાતે યોજાશે.  જેમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ, ગુજરાત વિધાનસભાના અધ્યક્ષ શંકર ચૌધરી રમતગમત રાજ્યમંત્રી હર્ષ સંઘવી સાથે 2 હજાર 500 જેટલા યોગસાધકો  જોડાશે.

.................................

## YOGA DAY OVERALL

રાજ્યભરમાં શુક્રવારે 21મી જૂને આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણી માટેની તૈયારી ચાલી રહી છે.

વડોદરાના અમારા પ્રતિનિધિ નિર્મિત દવે જણાવે છે કે, વડોદરામાં જિલ્લાકક્ષાનો યોગ દિવસનો કાર્યક્રમ નારાયણ સરોવર ચાણસદ ખાતે યોજાશે. જિલ્લાના ઐતિહાસિક, ધાર્મિક સહિત હેરિટેજ સ્થળોએ પણ યોગ દિવસની ઉજવણી કરવામાં આવશે.

અરવલ્લીના અમારા પ્રતિનિધિ અંકિત ચૌહાણ જણાવે છે કે, આરોગ્ય શાખા, ઔદ્યોગિક તાલીમ સંસ્થા મોડાસા સહિત અનેક શાળામાં, જિલ્લાના પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર, પેટા આરોગ્ય કેન્દ્ર ખાતે યોગ દિવસની ઉજવણી કરવામાં આવશે.

ગીરસોમનાથ જિલ્લાના અમારા પ્રતિનિધિ રાજેશ ભજગોતર જણાવે છે કે, સોમનાથ ચોપાટી ગ્રાઉન્ડ ખાતે યોગ દિવસની ઉજવણી થશે. જિલ્લાના

નાગરિકોને યોગ દિવસની ઉજવણીમાં જોડાવવા માટે જિલ્લા કલેક્ટર દિગ્વિજયસિંહ જાડેજાએ અપીલ કરતા આ મુજબ જણાવ્યું...

**(બાઈટ જિલ્લા કલેક્ટર દિગ્વિજયસિંહ જાડેજા)**

ભાવનગરના અમારા પ્રતિનિધિ સુરેશ ત્રિવેદીએ જણાવ્યું કે, જિલ્લા કલેક્ટર આર. કે. મહેતાની અધ્યક્ષતામાં યોગ દિવસની જિલ્લાકક્ષાની ઉજવણીની પૂર્વતૈયારીની સમીક્ષા બેઠક યોજાઈ હતી. જેમાં વિવિધ વિભાગ દ્વારા કરવામાં આવેલી કામગીરીની સમીક્ષા કરી કલેક્ટરે જરૂરી સૂચનો આપ્યા હતા.

જામનગરના અમારા પ્રતિનિધિ જગત રાવલ જણાવે છે કે આંતરરાષ્ટ્રીય યોગ દિવસ માટે પ્રોટોકોલ પ્રેક્ટીસ સહિતના વિવિધ 10 આયોજનોમાં 200 જેટલા લોકોએ ભાગ લીધો હતો, અને વિવિધ સ્પર્ધાઓમાં વિજેતાઓને યોગ દિવસે સન્માનિત કરવામાં આવશે. શહેરમાં યોગ જાગૃતિ માટે 4 હજાર પત્રિકાઓનું વિતરણ કરવામાં આવ્યા હતા.

તાપી જિલ્લા સેવા સદનના પ્રાંગણમાં કોમન યોગ પ્રોટોકોલ સેશન યોજાયો.

પાટણના પ્રાદેશિક વિજ્ઞાન કેન્દ્ર ખાતે આજે "મહિલા સશક્તિકરણ માટે યોગ" પર ગુજકોસ્ટ (ગાંધીનગર) આયોજિત વેબિનારનું જીવંત પ્રસારણ કરવામાં આવ્યું, જેમાં 100થી વધુ બાળકીઓ અને સ્ત્રીઓએ ભાગ લીધો હતો.

--------------

## STATE PRAVESHOTSAV

રાજ્યમાં આગામી 26થી 28 જૂન સુધી શાળા પ્રવેશોત્સવના 21મા તબક્કાનું આયોજન કરવામાં આવ્યું છે. મંત્રીમંડળની બેઠક બાદ રાજ્ય સરકારના પ્રવક્તા મંત્રી ઋષિકેશ પટેલે જણાવ્યું કે, રાજ્યમાં યોજાનારા ત્રિ-દિવસીય શાળા પ્રવેશોત્સવમાં પ્રથમ વખત બાળવાટિકા અને ધોરણ એકમાં પ્રવેશ ઉપરાંત ધોરણ નવ અને ધોરણ 11માં પણ પ્રવેશોત્સવની ઉજવણી કરવામાં આવશે. મુખ્યમંત્રી, મંત્રીમંડળના વિવિધ સભ્યો, અધિકારી અને પદાધિકારીઓ વિવિધ શાળાઓમાં જઈને બાળકોનો ઉત્સાહ વધારશે.

શ્રી પટેલે જણાવ્યું કે, રાજ્યના 32 લાખ 31 હજાર બાળકોને શાળા પ્રવેશોત્સવનો લાભ મળશે. આમાંથી બાલવાટિકામાં 11 લાખ 73 હજાર, ધોરણ એકમાં 3 લાખ 62 હજાર, ધોરણ નવમાં 10 લાખ 35 હજાર અને ધોરણ 11માં 6 લાખ 61 હજાર બાળકો પ્રવેશ મેળવશે. શાળા પ્રવેશોત્સવ દરમિયાન નમો લક્ષ્મી અને નમો સરસ્વતી, મુખ્યમંત્રી જ્ઞાનસેતુ મેરિટ સ્કોલરશીપ અને જ્ઞાનસાધના મેરિટ સ્કોલરશીપ યોજનાના લાભ પાત્રતા ધરાવતા બાળકોને આપવામાં આવશે.

................................

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણી અમદાવાદ વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી youtube ચેનલ એઆઈઆર ન્યુઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે આપ અમારા ટ્વિટર હેન્ડલ AIR ન્યુઝ અન્ડર સ્કોર એ બી એ ડી ને ફોલો કરી શકશો..

....................................

# SICKLE CELL OVERALL -1

કેન્દ્ર સરકાર સિકલ સેલ રોગને લગતા પડકારોને પહોંચી વળવા ટેકનોલોજીની ક્ષમતાનો ઉપયોગ કરી રહી છે. વિશ્વ સિકલસેલ દિવસ નિમિત્તે સોશિયલ મીડિયા પર પ્રધાનમંત્રીએ કહ્યું કે, કેન્દ્ર સરકારે ગયા વર્ષે રાષ્ટ્રીય સિકલસેલ એનિમિયા નિવારણ મિશન શરૂ કર્યું છે. જેમાં આ રોગ અંગે લોકજાગૃતિ કેળવવી, સાર્વત્રિક સ્ક્રિનિંગ અને યોગ્ય સારવારનો સમાવેશ થાય છે.

દરમિયાન રાજ્યમાં પણ અનેક જગ્યાએ સિકલસેલ દિવસની ઉજવણી નિમિત્તે જાગૃતિ કાર્યક્રમ યોજાયા હતા.

વલસાડ જિલ્લાના ધરમપુરમાં યોજાયેલા રાજ્યકક્ષાના કાર્યક્રમ દરમિયાન સિકલસેલ જાગૃતિ માટે વર્ષોથી કામગીરી કરી રહેલા અને પદ્મશ્રી પુરસ્કાર મેળવનાર  યઝદી ઈટાલિયાએ સિકલસેલ રોગ અંગે જણાવ્યું કે.....

(બાઇટ- પદ્મશ્રી યઝદી ઈટાલિયા)

નવસારીના અમારા પ્રતિનિધિ અશોક પટેલ જણાવે છે કે, જિલ્લાના તમામ જાહેર આરોગ્ય કેન્દ્રોમાં 4 હજાર 250 લોકોનું સિકલસેલ સ્ક્રીનિંગ કરવામાં આવ્યું હતું.

સાબરકાંઠાના અમારા પ્રતિનિધિ યોગેશ સથવારા જણાવે છે કે, દલીબા નર્સિંગ કૉલેજ અન્દ્રોખા ખાતે લોકસભા સાંસદ શોભના બારૈયાની

અધ્યક્ષતામાં અને રાજ્યસભા સાંસદ રમીલા બારાની ઉપસ્થિતિમાં કરવામાં આવેલી ઉજવણી દરમિયાન દર્દીઓનું સ્ક્રિનીંગ કરવામાં આવ્યું હતું.

## SICKLE CELL OVERALL - 2

મહીસાગર જિલ્લાના કડાણા એકલવ્ય મોડેલ શાળા ખાતે સિકલસેલના દર્દીઓ માટે યોજાયેલા મેગા કેમ્પમાં સિકલસેલ રોગના લક્ષણ, નિદાન, સારવાર અને દર્દીઓને રાખવાની તકેદારી અંગે સમજણ આપવામાં આવી હતી. અહીં સિકલસેલ સ્ક્રીનિંગ ડ્રાઈવ આજથી આગામી ત્રણ જુલાઈ દરમિયાન યોજાશે.

ડાંગનાં અમારા પ્રતિનિધિ મુનિરા શેખ જણાવે છે કે, વઘઈ ખાતે સિકલસેલ દિવસની ઉજવણી દરમિયાન જિલ્લાનાં અધિક આરોગ્ય અધિકારી ડૉ. સ્વાતિ પવારે આ રોગ અંગે  માહિતી આપી હતી.

અરવલ્લીના અમારા પ્રતિનિધિ અંકિત ચૌહાણ જણાવે છે કે, જિલ્લાની સૈનિક શાળા ખાતે ' અને  તાપીના પ્રતિનિધિ નીરવ કંસારા જણાવે છે કે સોનગઢની જાગૃતિ હાઇસ્કૂલ માંડળ ખાતે "વિશ્વ સિકલસેલ દિવસ" ની જિલ્લાકક્ષાની ઉજવણી કરાઈ.

-------

## ANAND – KARATE SPARDHA

આણંદ ખાતે તાજેતરમાં બીજા તબક્કાના ખેલમહાકુંભ હેઠળ યોજાયેલી રાજ્યકક્ષાની કરાટે સ્પર્ધામાં સાબરકાંઠા જિલ્લાના ખેલાડીઓએ 5 સુવર્ણ ચંદ્રક, 2 રજત ચંદ્રક અને 2 કાંસ્ય ચંદ્રક મળીને કુલ 9 ચંદ્રકો મેળવ્યા છે.

રુદ્ર જોષી, બીજલ મકવાણા, જવાન ઉપાધ્યાય, માયા મકવાણા, અને આર્યન આચાર્યે વિવિધ શ્રેણીમાં સુવર્ણ ચંદ્રકો મેળવ્યા છે. એવી જ રીતે ધાર્મી પિત્રોડા, અને અક્ષત જોષીએ રજત ચંદ્રક જ્યારે તનવીર મકવાણા અને પદમકુમાર ચૌધરીએ વિવિધ શ્રેણીમાં કાંસ્ય ચંદ્રક જીતી લીધા છે.

----------------------------

## Kachchh –Pakistani Arrest

કચ્છમાં સરહદ સલામતી દળ - બીએસએફે વિધાકોટ પાસેથી એક પાકિસ્તાની ઘૂસણખોરને ઝડપી પાડ્યો છે. કચ્છના અમારા પ્રતિનિધિ હેમાંગ પટ્ટણી જણાવે છે કે, સરહદ સલામતી દળના જવાનો પેટ્રોલીંગ કરતા હતા તે દરમિયાન સરહદ પારથી ભારતમાં ઘૂસણખોરી કરી રહેલા પાકિસ્તાની શખ્સને પકડી લીધો હતો. હાલમાં આ પાકિસ્તાની ઘૂસણખોરની વધુ તપાસ હાથ ધરવામાં આવી છે.

--------------------

## NEWS IN BRIEF

**હવે સાંભળીએ રાજ્યના કેટલાક અન્ય સમાચાર સંક્ષિપ્તમાં....**

- પ્રધાનમંત્રી કિસાન સન્માન નિધિના 17મા હપ્તા અંતર્ગત મહેસાણાના ખેડૂતોને 49 કરોડ 38 લાખ રૂપિયાની સહાય પ્રાપ્ત થઈ.
- છોટાઉદેપુરમાં કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, મંગલભારતી ખાતે" **પ્રધાનમંત્રી કિસાન સન્માન"** કાર્યક્રમ અંતર્ગત ખેડૂત સંમેલન યોજાયું
- કેન્દ્રશાસિત પ્રદેશ દિવના કલેક્ટર ભાનુ પ્રભાની ઉપસ્થિતિમાં મિશન પોષણ, અને મિશન શક્તિ ટીમ દ્વારા પોષણ દિવસનો કાર્યક્રમ યોજવામાં આવ્યો
- ગુજરાત રાજ્ય યોગ બોર્ડ આંતરરાષ્ટ્રીય યોગ દિવસ'ની ઉજવણી સંદર્ભે ડાંગના આહવા પોલીસ પરેડ ગ્રાઉન્ડમાં યોગ પ્રોટોકોલ તાલીમનું આયોજન કર્યું.

----------